શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૬
અંક : ૭

## એટલે તો વાત નથી થાતી

એટલે તો વાત નથી થાતી,
ઘુઘવતા દરિયાને ઝીલવા અલાયદી
રાખવી પડે છે એક છાતી.

બે'ક આંગળી મૂકો ને મારી ધો ફૂંક,
તેથી વાંસળીમાં નીકળે ના ધૂન,
પાલિયાળ ચરણોથી પર્વત ચડાય,
અગર ભીતરથી પ્રગટે ઝનૂન,
તાણા–વાણાનું ભાન કયારેય ન આવે તો,
જન્મારો જાય રોજ કાંતી,
એટલે તો વાત નથી થાતી.

ભીતરના ચોકમાં દાંડી પીટાય
છતાં એવું બને વાગે ના ઢોલ,
સોંસરવી કરીએ તપાસ તો જ સમજાશે
ખાલીપાનો ય કોઈ રોલ,
હાથવગા આપણે કયારેય ન હોઈએ,
જયાં આપણી જરૂર હોય તાતી,
એટલે તો વાત નથી થાતી.

**– વંચિત કુકમાવાલા**

ભારતના નવજુવાનોને હું હંમેશા આ જ વાત કહેતો આવ્યો છું કે તમે આત્મશ્રદ્ધાળુ બની અડગ રહેવાનું જ વિચારજો. દ્રઢ સંકલ્પો કરીને આત્મબળ મજબૂત કરજો. કશીયે નવી જવાબદારી આવે અને એ ગમે તેટલી મોટી લાગે ત્યારે ઢીલા ન થતાં તમારી મૂળ શકિતને યાદ કરજો. જીવનમાં આવનારો પ્રત્યેક અવરોધક પથ્થર નવી તકનું દ્વાર દબાવીને બેઠો છે એમ સમજી એને ફંગોળી દેજો. સફળતાની ચાવી એમાં પડી છે.

''જીતના અધ્યયન કરતે હે ઉતના હી હમે અપને અજ્ઞાન કા આભાસ હોતા જાતા હે''

– સ્વામી વિવેકાનંદ

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે. **– ટપક ટીમ**

**વિવાદ નહી, સંવાદ કરીએ, છૂટ નહી, સાથ આપીએ.**

## દીકરો

ઉનાળાના આકરા તાપથી અકળાઈને પંખીડા પોતાને માળે બેસી ગયા હતા. મૂંગા પશુડાં પણ છાયો ગોતી વાગોળતા ઉભા રહી ગયા હતા. તેવા સમયે સમજુ વહુએ વૃદ્ધ સાસુને ભલામણ કરી, 'બા હું વાડીએ જાવ છું. કયારો બે કયારા લીલું જે પવાણું' ઈ. સાંજ પડતા પે'લાં આવી જઈશ.'પણ બેટા, તડકો તો જોવો, રોંઢા ઢૂકડા જાજો.' ઓસરીમાં બેસી માંડવી ફોલી રહેલા વૃદ્ધ સાસુ કંકુમાં કહી રહયા. 'રોંઢાને હવે કેટલીકવાર? ને ઉપલે શેઢે જો ઓલ્યો વજોભાઈ એની વાડીમાં મશીન વે'તુ કરી દેશે ને તો પછી આપણી જમીનમાં પૂરો કયારો પણ નઈ ભીંજે.' કહેતી સમજુ વળી કહી રહી 'પરમ દાડે ચોરે ચુંદડિયા રમ્યા'તા એમણે આગમ ભાખ્યું છે કે 'ઓણ ચોમાસું સારૂં થાશે, 'બા, મને વિચાર થાય છે કે આપણી વાડીએ થોડું પાણી છે, તો વીઘા – બે વીઘા ઓરવીને માંડવી વાવી દઈ.' સાસુ સામે જોઈ રહેતાં સમજુ તેમની મરજી પુછી રહી. 'આગતર ઈ તો આગતર જ ને બેટા, પણ તમે તડકો માથે લઈને જાવ એટલે જીવ બળે.' ને પછીનું વાકય સ્વાગત બોલતા હોય તેમ લવી રહયા. 'આજ જો મારો કાળુ બેઠો હોત ને તો તમારે...' ને આંખમાં આવેલા આંસુને લૂછી રહેતાં મોટેથી બોલી પડયાં, 'તમારા સાસરાના હાથ રહી ગ્યા નકર તમને ઈ આમ તડકામાં જાવા પણ દે! 'સાસુની વાતનો હસીને જવાબ દેતાં સમજુ બોલી, 'બા, તમારા દીકરાના ગામતરા પછી તમે જ નો'તું કીધું કે 'સમજુ, હવે તો દીકરો પણ તુ, ને વહુ પણ તુ.' ને પછી સાસુના દુઃખને દૂર કરવાના આશયથી કહી રહી : 'બા, હવે મારે પણ કેટલા દી કામ કરવું પડશે? કાનો બાર વરહનો તો થ્યો, કાલ સવારે ભાઈ બની પડખે ઉભો રે'શે.' કહેતાં શેરીમાં રમતા કાનાને સાદ કરી માંડવી ફોલવાનું કહી પોતે વાડીએ જવા નીકળી, ત્યારે કાનાએ ગાડું લઈ પોતે પણ સાથે જવાનું વેન કર્યુ. સમજુની ના છતાં કાનાએ ફરજામાં બાંધેલા બળદ છોડી ગાડે જોડીમાને ગાડે બેસાડી બળદ વેતા કર્યા, ત્યારે એકઢાળિયામાં ખાટલો નાખી બેસી રહેલા વૃદ્ધ વરજાંગ પટેલ બોલી ઉઠયા, 'તંતીલો તો અદલ કાળુ જેવો જ! લીધી વાત નો મૂકે. ઈનું ધાર્યૂ કરીને જ જંપે. 'ધણીના મોઢે દીકરાનું નામ સાંભળી મીઠું પણ દુઃખભર્યુ મલકી રહેતાં કંકુડોશી કહી રહયાં, 'હશે, છોકરૂ  છે, ઈને ગમે ઈમ કરવા દઈએ ઈમાં જ મજા છે. 'વાડીએ પહોંચીને સમજુએ કૂવાકાંઠે પડેલું મશીન વહેતું કર્યુ. પછી પુત્રને બળદને છોડવાનું  કહી, પાણી દેખાડવાની સૂચના આપતાં પોતે ચાર વાઢવા પડામાં ગઈ.

માની વાતમાં હા પુરાવતા કાનાએ ગાડેથી બળદને છોડી પાણી પાવા કુંડીએ દોરી ગયો. ત્યાં ઓચિંતાના થયેલા ચીબરીના ચરચરાટે

બળદ ભડકયા. પરિણામે રાશથી વીંટળાઈ જવાથી કાનો ઉથલી પડી મશીનના પટ્ટા પર જઈ પટકાયો ને 'બા... બા' નો પોકાર પાડતો કૂવામાં જઈ પડયો. આ બધું પળવારમાં બની ગયું. સમજુએ પડામાં પહોંચી હજુ ચાર વાઢવી શરૂ પણ નો'તી કરી ત્યાં જ પુત્રની રાડ સાંભળી બેબાકળી દોડી આવી. તેની નજર જયારે પટ્ટામાં વીંટળાઈને કૂવામાં જઈ પડેલા પુત્ર તરફ પડી ત્યારે તેની રાડ ફાટી ગઈ. પડખેના ખેતરવાળા વજાભાઈને સાદ કરતા પોતે બેભાન બની ઢળી પડી. તે વખતે ભડકીને ભાગેલા બળદ પણ છેટે જઈ ઉભા રહી ગયા હતા. જાણે થયેલી ભૂલનો પસ્તાવો ન કરતા હોય! સમજુની રાડ સાંભળી અડખેપડખેના ખેતરવાળા દોડી આવ્યા, બેચાર જણ કૂવામાં જઈ પડેલા કાનાને બહાર કાઢવા મથી રહયા તો બેત્રણ જણ બેભાન સમજુને ભાનમાં લાવવા પ્રયત્ન કરી રહયા. થોડીવારમાં તો વાત વાયુવેગે ગામમાં પહોચી ગઈ. ત્યારે સમજુના વૃદ્ધ સસરા કુટુંબીજનોથી ઘેરાઈને વાડીએ આવી પહોંચ્યા. ત્યારે વર્ષો પહેલા આ જ વાડીએ બની ગયેલો પ્રસંગ સૌની આંખ સામે તરવરી રહયો. બરાબર બાર વર્ષ પહેલા સમજુ જયારે સીમંતનું આણું વળી પિયર ગયેલી તે જ વર્ષે કાળુ મશીનના પટામાં વીંટળાઈ કૂવામાં પડી મૃત્યુ પામેલો. ત્યારે ગામ આખામાં ઘેરા દુઃખની છાયાં ફરી વળેલી. સવજી ભગત તો બોલી પણ ઉઠેલા, 'વરજાંગ પટેલનો એકનો એક કંધોતર હાલી નીકળ્યો ભાઈ! પટેલથી આ ઘા સહન નઈ થાય! 'પણ પરભુએ પટેલના ઘડપણ સામું જોયું હોય તેમ સીમંતના આણે ગયેલી સમજુએ પુત્રને જન્મ આપતાં હતાશ બની ગયેલા વૃદ્ધ ડોસા – ડોસીનાં મુખ મલકી રહયા. કાનો છ માસનો થતાં સમજુને તેડી જવાના સમાચાર જયારે આવ્યા ત્યારે સમજુની બાએ દીકરીનું મન જાણી જોયું, ત્યારે જવાબ રૂપે સમજુએ કહેલું, 'બા, મારે એક ભવમાં બે ભવ નથી કરવા. 'દીકરી, આપણી નાતરિયા નાત અને હજુ તો તારી ઉંમર પણ...' પણ માની વાતને અધવચ્ચે કાપતાં સમજુએ કહેલું, 'બા, મારા ભાગ્યમાં જે લખ્યું'તુ ઈ મને મળી ગયું. ભગવાને રૂડો છૈયો તો આપ્યો છે. કાલ મોટો થઈ જાશે. પછી તો સુખના દા'ડા જ છે ને! માએ પણ દીકરીનું મન કળી જઈને તેને હસતે મુખે સાસરે વળાવી. તે દીની ઘડીને આજનો દી. સમજુ આઘાતે વૃદ્ધ બની ગયેલા સાસુ–સસરાની ખરા મનથી સેવા કરવા માંડેલી, ત્યારે કંકુડોશી બોલેલાં 'બેટા, તું તો વહુ મટીને દીકરો બની ગઈ ! 'આ બધી વાતો બેભાન બનેલી પુત્રવધૂ પર દ્રષ્ટિ પડતાં વરજાંગ પટેલની નજર સામે તરવરી રહી.

**– સાભારઃ ભીતર કેરો ભાવ**

**મૌનમાં નિષ્ક્રિયતા નથ, પુર્ણતા છે. મૌનમાં નિવૃતિ નથી, જાગૃતિ છે.**

LEARNING AND MIGRATION PROGRAM (LAMP)

છેલ્લા દાયકામાં બાળકોના શિક્ષણ બાબતે ઘણા પ્રયોગો ચાલી રહયા છે. શિક્ષણની ગુણવતા સુધરે તે માટે ચાલતા પ્રયાસોમાં સરકાર કક્ષાએથી તાલીમો તથા અવનવી પ્રવૃતિઓથી બાળકો શીખે તે માટે ઘણું કામ થઈ રહયું છે. "શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર" સ્વૈચ્છિક રીતે ચાલતું સંગઠન છે. આ સંગઠન દ્વારા ગત વર્ષમાં બાબરા તાલુકાના ૩૦ ગામોમાં લોકો સાથે શિક્ષણ બાબતે ચર્ચા કરી હતી. જેમાં બાળકોના ભણવાના અધિકારને લઈ શાળા તથા સામાજીક સ્તરે જાગૃતિ લાવવા તથા શાળા આયોજન તથા શાળા વ્યવસ્થાપન સંદર્ભે જરૂરી ઈન્ટર્વેન્શન કરવામાં આવ્યુ હતુ. આ વર્ષે



વધુ ૧૫ ગામો ઉમેરી આ કામગીરી વધુ સઘન બનાવવાનો પ્રયાસ છે. કાર્યક્ષેત્રમાં આવરી લેવાયેલ આ ૪૫ ગામો પૈકી ૧૦ ગામોમાં ધોરણ ૩, ૪ અને ૫ ના બાળકોની ધોરણ ૧–૨ કક્ષાની ભાષા અને ગણિતની કસોટી લીધા પછી તેમાથી ૩૦ બાળકો તારવી તેઓની શીખવાની પ્રક્રિયા સમજવી અને તેને સરળ રીતે આગળ ધપાવવા માટે શાળામાં જ બે કલાક માટે આ ૩૦ બાળકો માટે એક વર્ગ શરૂ કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. આ વર્ગ શાળાના સમય શરૂ થયાના એક કલાક તથા શાળા સમય પુર્ણ થયા બાદ એક કલાક ચાલશે જેથી આ બાળકોના નિયમિત ચાલતા અભ્યાસમાં કોઈ ખલેલ ન પહોંચે. બાળકોનો શિક્ષણ પ્રત્યે ડર દુર થાય તે શિક્ષણ પ્રત્યે રસ દાખવે તેવી જુથ

**તૃષ્ણામાં જે આનંદ છે, તે તૃપ્તિમાં નથી**

પ્રવૃતિ જેમકે બાળગીતો, રમતો, વગેરેનો ઉપયોગ કરી ગમ્મત સાથે જ્ઞાન આપવાથી તેઓ શાળા એ ઉમંગથી આવતા થશે તેવો આ કાર્યક્રમનો આશય છે. ઉપરોકત તમામ પ્રવૃતિઓના સંચાલન માટે આ કાર્ય માટે રોકાયેલ કાર્યકરોની ટીમની તાલીમ સાયલા ખાતે તા. ૯ થી ૧૧ દરમ્યાન રોજ યોજવામાં આવી હતી જેમાં સંભવિત ૧૦ શિક્ષકો (બાળ દોસ્ત) પૈકી ૧ શિક્ષક પણ આ તાલીમમાં જોડાયા હતા.

આ પ્રકારના વર્ગનું સંચાલન સ્થાનિક ભાઈ / બહેન સંભાળશે કે જેને આ બાબતની તાલીમ આપવામાં આવી છે. આ તાલીમ તા. ૨૧ અને ૨૨ દરમ્યાન સંસ્થાના અમરેલી કાર્યાલય ખાતે



યોજાઈ હતી. જેમાં ઈંગોરાળા, લુણકી, વાંડળીયા, ગળકોટડી, દરેડ, ખાખરીયા, નાનીકુંડળ, ખંભાળા, વાંકિયા, સુખપુર, ચમારડી વિગેરે ગામના કાર્યકર ભાઈ–બહેનો કે જેઓ આ કાર્યમાં જોડાવા ઈચ્છુક હતા તેઓ આ તાલીમમા જોડાયા હતા. લેવલ –૧ તથા લેવલ –૨ના મોડયુલ પર આ તાલીમ યોજાઈ હતી. ઉપરોકત તાલીમોમાં તાલીમકાર તરીકે અર્જુન સાન્યાલ, તાપસ સત્પથી અને અમોલ પરમારએ સેવાઓ આપી હતી. શિક્ષકોની આ પેડાગોજી અને વિષય વસ્તુ આધારીત તાલીમ બાદ તેઓએ ૪ કેટેગરીના બાળકોના જુથોમાં કામગીરી શરૂ કરી છે જુલાઈ માસ દરમ્યાન આવા ૫ વર્ગો શરૂ થયા છે બાકીના ૫ વર્ગો ઓગષ્ટના પ્રારંભમાં શરૂ થનાર છે.

**'લખવું' એ શબ્દો હાથ વગા હોવાને કારણે સૌથી સહેલી વાત છે.**

## કુષ્ઠરોગ વિશે જાણવા જેવું

૧. કુષ્ઠરોગ મટી શકે છે.

૨. ચામડીના ગાઢ સંપર્કથી, હવાથી કે ડ્રોપ્લેટ ઈન્ફેકશન શ્વાસોચ્છવાસથી આ રોગ ફેલાય છે.

૩. કુષ્ઠરોગની અસરકારક દવાઓ ઉપલબ્ધ છે. કુષ્ઠરોગ સારવાર કેન્દ્રો, સીવીલ હોસ્પીટલના ચામડીના વિભાગમાં તથા ફરતા કુષ્ઠરોગ સારવાર એકમો (મોબાઈલ લેપ્રેસી ટ્રીટમેન્ટ યુનિટ) દ્વારા વિના મૂલ્યે સારવાર પૂરી પાડવામાં આવે છે.

૪. અન્ય ચેપી રોગોના પ્રમાણમાં કુષ્ઠરોગ સૌથી ઓછો ચેપી છે, તેમજ કુષ્ઠરોગના બધા જ દરદીઓ ચેપી હોતા નથી. માત્ર વીસથી પચીસ ટકા જ ચેપી હોય છે, જયારે બાકીના બિનચેપી પ્રકારના હોય છે.

૫. હજુ સુધી આ રોગ સામેના રક્ષણ માટે કોઈ રસી શોધાઈ નથી.

૬. કુષ્ઠરોગ પાપ કે દૈવી શાપનું પરિણામ નથી, પરંતુ લેપ્રા બેસીલસ / માઈક્રોબેકટેરિયમ લેપ્રી જંતુથી થાય છે અને તે ચામડી તથા જ્ઞાનતંતુઓ પર અસર કરે છે.

૭. કુષ્ઠરોગ વારસાગત નથી જ.

૮. શરીરના કોઈપણ ભાગ ઉપર ઝાંખુ કે રતાશ પડતું ચાઠું દેખાય, તેના પરથી વાળ – રૂંવાટી ખરવા લાગે, પરસેવો આવતો બંધ થઈ જાય અને તેના પર બહેરાશ આવી જાય તો કદાચ એ બિનચેપી પ્રકારના કુષ્ઠરોગની શરૂઆત હોઈ શકે.

૯. ચામડી ચળકાટ મારે, શરીરના કોઈપણ ભાગ પર નાની નાની ગાંઠો નીકળે, લીસા, સુંવાળા, ચળકતા, આછા રંગના કે રતાશ પડતાં અનેક ધાબા પડે, કાનની કિનારી જાડી થાય, આંખની ભ્રમરના વાળ ખરવા લાગે તો કદાચ એ ચેપી પ્રકારના કુષ્ઠરોગની શરૂઆત હોઈ શકે.

૧૦. ભિક્ષુક દરદીઓ દ્વારા આ રોગનો ફેલાવો ભાગ્યે જ થાય છે. સમાજના અણઓળખાયેલા ચેપી પ્રકારના દરદીઓના સહવાસથી કુષ્ઠરોગનો ફેલાવો થાય છે.

૧૧. ચેપ લાગે તે બધાને રોગ થાય જ એવું નથી. બધા જ રોગો દરેકની રોગ પ્રતિકાર શકિત પર આધારિત છે તે મુજબ જ આમા થાય છે. ભારતના નાગરિકની સરેરાશ પ્રતિકાર શકિતના કારણે ૯૬ ટકાને આ રોગ લાગુ પડતો નથી. માત્ર ૪ ટકાને જ જેની પ્રતિકાર શકિત બિલકુલ નબળી હોય તેને જ આ રોગ લાગુ પડવાનો સંભવ રહે છે.

૧૨. કુષ્ઠરોગ લાગુ પડયા પછી તેની બિલકુલ સારવાર કરવામાં ન આવે તો ભવિષ્યમાં વિકૃતિ આવે છે. વિકૃતિ આવતી અટકાવવા માટે રોગનું વેળાસર નિદાન થયા પછી તરત જ નિયમિત સારવાર ચાલુ કરી દેવી જોઈએ.

૧૩. કુષ્ઠરોગ અમીર – ગરીબ કોઈપણ

વ્યકિતને, કોઈપણ ઉંમરે થઈ શકે છે.

૧૪. શરીરના કોઈપણ ભાગ ઉપર સ્પર્શ શૂન્ય ચાંઠો દેખાય, જ્ઞાનતંતુઓ સૂઝી જાય, હાથપગમાં કીડીઓ કરડવા જેવી ઝણઝણાટી થાય તો તરત જ નજીકના કુષ્ઠરોગ નિયંત્રણ એકમ અથવા નજીકની સરકારી જનરલ હોસ્પિટલ ના ચામડીના વિભાગ વોર્ડ – ૧ નો સંપર્ક સાધી તપાસ કરાવવી જોઈએ.

૧૫. કુષ્ઠરોગની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નથી. ઘેર બેઠા સારવાર થઈ શકે છે.

૧૬. કુષ્ઠરોગ મલ્ટી ડ્રગથેરાપી MDT – બહુ ઔષધીય સારવાર) થી ૬ થી ૧૨ મહિનામાં સંપૂર્ણ મટી શકે છે.

**૧૭. કુષ્ઠરોગીને જરૂર છે.** સમભાવની, દયાની નહિ. યોગ્ય તકની, ભીખની નહિ. રોજગારીની, રોટીદાનની નહિ. તેઓ સમાજનું જ અંગ છે, તેથી તેમનો તિરસ્કાર ન કરતા સમાજનું અંગ બની રહે તેવો આપણો વ્યવહાર હોવો જોઈએ.

**સાભાર : ગુજરાત રકતપિત નિવારણ સેવા સંઘ**

આ સંસ્થાએ ભાવનગર અને જુનાગઢ ખાતેની લેપ્રસી કોલોનીના યુવાનો સાથે એક પ્રક્રિયા હાથ ધરી હતી. લેપ્રસીગ્રસ્તોની બીજી પેઢીના યુવાનોની રોજગારીની જરૂર મુજબ ભાવનગરમાં ગારમેંટ અને તાલીમનો વ્યવસાય તથા જુનાગઢમાં મંડપ સેવા શરૂ થયેલ છે.

## કાણા પુરો

એક ખેડૂતની વાત છે. શરીરે લઠઠ. ઘેર બે બહુ સારા બળદ રાખે. જમીન પણ સારી. સવારે વહેલો ઉઠી બળદ લઈ કૂવે જાય. આખો દિવસ કોસ હાંકે, પણ સાંજે જઈને જુએ તો કયારામાં પાણી જ પહોંચ્યું ન હોય, કેમ કે કોસ કાણો હતો. બહુ દોડધામ કરે, પણ ભરેલો કોસ થાળ માં આવતાં આવતાં તો કાણાં વાટે ચૂઈ જાય. સાંજ પડતા ખેડૂતને બળદ થાકીને લોથપોથ થઈ જાય. ત્યારે કરવું શું? ખેડૂતે દોડધામ કરવી કે કાણા પૂરવા ? દેખીતી વાત છે કે જયાં સુધી કોસ કાણો હોય ત્યાં સુધી બળદને ઉતાવળા હાંકવાનો કશો અર્થ નથી. કાણાં પૂરવામાં આવે, તો જ કોસ ભરેલો આવે ને ખેતરમાં પાણી પહોંચે. આજે આપણી દશા આ ખેડૂત જેવી છે. આપણી આવકને કાણાં પડયાં છે એટલે મહેનત કરીને મેળવેલું ચા બીડી પાનસોપારી વગેરે વ્યસનો તથા મોજશોખમાં વપરાઈ જાય છે. સુખી થવું હોય અને શાંતિથી જીવવું હોય, તો વ્યસનો અને મોજશોખના ખોટા ખર્ચમાંથી બચવું જોઈએ. કઈ ચીજો ખરેખર જરૂરી છે અને કઈ બિલકુલ બિનજરૂરી છે, તેનું આપણને જ્ઞાન હોવું જોઈએ. આમ થશે તો જ કાણા પૂરાશે, અને આપણી મહેનત નાહક ઢોળાઈ જતી અટકશે. નહી તો બળ દિયાની જેમ કોસ ખેંચ્યે રાખીશું પણ ભેળા નહી થઈએ.

***સામા પક્ષને ન્યાય કરવાથી આપણને ન્યાય વહેલો મળે છે.***

| | | |
|---|---|---|
| 1 | Pravin D. Sarvaiya | 01-08-78 |
| 2 | Anjna R. Dhanesha | 02-08-91 |
| 3 | Purvi R. Trivedi | 03-08-75 |
| 4 | Satyam H Pandya | 06-08-76 |
| 5 | Bharat M.Chauhan | 07-08-89 |
| 6 | Rajesh R. Bhalani | 08-08-76 |
| 7 | Pratibha J. Maru | 09-08-87 |
| 8 | Jaydeep S. Dhaduk | 10-08-94 |
| 9 | Himant H. Parmar | 11-08-53 |
| 10 | Hetal S. Gosai | 12-08-77 |
| 11 | Rupesh G. Mehta | 12-08-78 |
| 12 | Chaitanya P.Trivedi | 12-08-68 |
| 13 | Rinkal G. Tilavat | 22-08-86 |
| 14 | Alka S. Hothi | 14-08-79 |
| 15 | Trupti D. Vagh | 18 -08 -80 |
| 16 | Alpa Gohil | 22-08-81 |
| 17 | Payal J. Dhanani | 23-08-90 |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

**Engage on this month**

| | |
|---|---|
| 9 | PIFP Review by Sr. program ofiicer |
| 9,10,11 | IQE team training at Sayala |
| 14, 16 | TOT of NPM Project at SPS, NeemKheda (MP) |
| 15 | DVA Study Consulation at A'bad |
| 15 | PIFP field visit by tech. consultant of CSPC |
| 16, 17 | CADP-2 project review and field visit by CSPC and WSMO at Timbi. |
| 21, 22 | LEP Teacher Training (Amreli) |
| 26 | Sustainable Agriculture developmet network meeting at A'bad |
| 31 -2 | PIFP 2nd party evelution by BCI. |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2012-14**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

***નિષ્ઠામાં સ્થિર થવું એ મોટામાં મોટું તપ છે.***